## ધર્મ અને કામની વચ્ચે કેન્દ્રમાં અર્થ છે

# રસહિન ધરા થૈછે દયાહિન થયો છે ન્રુપ નહિ તો ના બને આવુ અવુ ગ્રામ્ય-માતા બોલી - કલાપી

સામાન્ય માણસ હવે ધીમે ધીમે સમજણો થવા માંડ્યો છે. એને ખબર પડવા માંડી છે કે પૈસો ક્યાંથી આવે છે, અને ક્યાં જાય છે! રૂપિયા પૈસાના **સર્જન, વિસર્જન, ગમન અને આગમન**ની આ આખી પ્રક્રિયા એટલે સુધી અટપટી અને વિકટ છે કે ભોળા માણસોની વિચારશક્તિ એ ઝીલી શકે નહીં. ભોળા, ઉપરાંત માણસોનો એક બીજો પ્રકાર પણ છે, જે પ્રારબ્ધવાદીઓનો બનેલો છે. આ બંને વર્ગો તદ્દન નિર્દોષ ભાવે એવા ભ્રમમાં રાચ્યા કરે છે કે, **રૂપિયો બદનસીબના હાથમાંથી નીકળી જાય છે અને સદ્દનસીબોના હાથમાં પહોંચી જાય છે. ગ્રહો સારા હોય, તો વગર મહેનતે પૈસા મળી જાય, અને ગ્રહ વક્રી હોય તો ગમે તેટલી મહેનત કરીએ તો પણ ઠનઠન ગોપાલ** જ રહીએ.

જીવનની અનેક ચીજોની જેમ રૂપિયાનું મૂલ્ય પણ સાપેક્ષ છે. દરરોજ સવારથી સાંજ કાગળ અને કચરો વીણીને સાંજ પડે દસ કે પંદર રૂપિયા કમાનાર માટે ૧૫ રૂપિયાનું મોટું મૂલ્ય છે. ત્યારે પાન-બીડીમાં પાંચ મિનિટમાં ૨૫-૫૦ રૂપિયા ખર્ચી નાંખનાર નબીરાઓ માટે એ ૫૦ રૂપિયાનું કોઈ જ મૂલ્ય નથી. અને છતાં એ **નબીરો ગરીબ દાતણવાળા સાથે એ રેંકડીમાં શાકભાજી વેચનારી શ્રમજીવી બાઈ સાથે રીંગણા કે દાતણના ભાવમાં ૫૦ પૈસા માટે રકઝક કરે, ત્યારે રૂપિયાનું મૂલ્ય એક નવું જ પરિમાણ ધારણ કરે** છે! પાંચ મિનિટના તપાસના ડોક્ટર ૧૦૦ રૂપિયા લઈ લે ત્યારે નીચું માથું રાખીને ચૂકવનાર માણસ ગરીબ શ્રમજીવીના હક્કના પૈસા કેમ ઝઘડે છે?

જુદા જુદા દેશની જુદી જુદી ભાષાઓમાં ચલણનાં નામ જુદા જુદા હોય, એ સમજી શકાય. ભાષાઓમાં રૂપિયા અને પૈસા માટે જુદા જુદા પારિભાષિક શબ્દો છે. ગુજરાતમાં આપણે જેને રકમ કહીએ એને હિંદીમાં 'રાશિ' કહે છે. આપણે કરજને અને લોનને હિંદી ઋણ કહે છે. બંગાળીમાં પૈસાને માટે 'ટકા' શબ્દ છે, અને કાઠિયાવાડીમાં પૈસાને 'દોઢિયા' કહે છે. હિંદી ફિલ્મમાં ઘણીવાર 'ઢેલા' શબ્દ સાંભળવા મળે છે. અને 'ખિસ્સામાં એક ફદિયું ય નથી' એવા લોકભાષાના પ્રયોગો થાય છે. ગ્રાહક દુકાનમાં પ્રવેશે અને લુખ્ખો લાગે ત્યારે વેપારી પૂછે છે, 'ખિસ્સામાં માલપાણી છે?' જૂની ફિલ્મ 'સરગમ'નું એક ગીત બહુ મશહૂર થયું હતુંજ. '**બાપ ભલા ના ભૈયા, બાબા સબસે બડા રુપૈયા**' 'પતિ પરમેશ્વર'ની પરંપરા નાબૂદ થશે, પણ '**પૈસો મારો પરમેશ્વર**'નું સુત્ર શાશ્વત લાગે છે. પૈસાનું અભિમાન કેટલાક માણસોના વ્યક્તિત્વમાં ક્ષણેક્ષણ ઝલકતું જણાય છે. આપણા ઘણાં સામાજિક દૂષણો પૈસા અને સંપત્તિના બેડોળ અને કુત્સિત પ્રદર્શનની લાલસામાંથી જ જન્મ્યાં છે.

**માણસ શ્રમ વગર, બુધ્ધિના રોકાણ વગર, મહેનત વગર ધનમાં ધન ઉમેરતો જ રહે છે**. પ્રાથમિક ધન કમાવા માટે મહેનત કરવી પડે છે, પણ ધનમાં ઉમેરો કરતા રહેવા માટે બુધ્ધિ નહી પણ બુધ્ધિનાં આટાપાટની જરૂર રહે છે. શેર ખરીદો, વેચી નાખો, એક સાથે ખરીદો, અને ભાવ ઊંચકાય એટલે એકસાથે વેચી નાખો, બેંકોની મદદ લો, સરકારી નિગમોને સાથે રાખો, અને રાતોરાત હર્ષદ મહેતા બની જાવ. **જે દેશમાં વગર કમાયેલા, અને બિનઉત્પાદક પૈસાનું પ્રાચુર્ય વધી જાય, એ દેશમાં કામચોરી વધી જ જાય, કામચોરી ધીમે ધીમે હરામખોરી તરફ લઈ જાય છે. હરામનો પૈસો એકઠો કરવો અને કોઈકના હક્કને ડૂબાડતા રહેવું, એ આજના આપણા માંદા સમાજનો એક મોટો રોગ બની ગયો છે.**

લોકોને ગમે તે કરીને બાય હુક ઓર કુક, પૈસાદાર બનવું છે, એ ઝડપથી પૈસાદાર બનવું છે. **કોઈની પાસે ધીરજ નથી, સમય નથી.**

## બિછડા જમાના કભી હાથ ન આએગા, દોષ ન દેના મુઝે ફિર પછતાઓગે.

જો શેરબજારમાંથી, લોટરીમાંથી, નફાખોરીમાંથી, સંઘરાખોરીમાંથી, ભ્રષ્ટાચારમાંથી આસાનીથી પૈસો મળતો હોય તો મહેનત કરીને દુઃખી શા માટે થવું? સારી સરકારી નોકરી જોઈએ છે? પચાસ હજારથી લાખ રૂપિયા કાઢો. એટલે મળી જશે અને આ મૂડીરોકાણ બે વર્ષમાં વસૂલ થઈ જશે.

જીવન જરૂરિયાતો પુરી કરવા માણસ પૈસો કમાય ત્યાં સુધી એ એની સાહજિક પ્રવૃત્તિ છે. પણ, મોટો દલ્લો મેળવી લીધા પછી પણ અકરાંતીયો બનીને, નિર્દય બનીને, નફાખોર બનીને, શોષક બનીને, ધનસંચય કરતો જ રહે એ એની માનસિક વિકૃતિ છે. આ વિકૃતિ વધતી વકરી જાય છે, અને ત્યારે માનવતાનાં બધા ધોરણો ભુલી જાય છે. કોઈપણ માણસનું પતન નોતરવા માટે પૈસો એ શ્રેષ્ઠ નવનીતી માર્ગ છે. પૈસો કમાવાની ચિંતાનો ભાર ખેંખેરીને ફરતા માણસ પાસે જીવનનો એક જુદો, પ્રાકૃતિક સંદર્ભ હોય છે.

એ લ્હેરથી જીવનને માણી શકે છે. કારણ કે પૈસો એ એના માપદંડની પરકમ્માામાં હજુ પ્રવેશ્યો નથી. પણ, જે માણસ રાતદિવસ, સતત પૈસાને કેન્દ્રમાં રાખીને બધી જ પ્રવૃત્તિ કરે છે, એના શબ્દકોશમાં લાગણી, પ્રેમ, પ્રતિબધ્ધતા, વચનપાલન, આવેગ જેવા શબ્દો રહેતા નથી. એના હસવામાં, રડવામાં, બોલવામાં, ચાલવામાં એક પ્રકારની કૃત્રિમતા આવી જાય છે. એની વિકૃતિ એની નસનસમાંથી ફુટીફુટીને બહાર આવતી રહે છે. રસ્તે ચાલતા ભિખારીના હાથમાં પચાસ પૈસાનો સિક્કો પકડાવીને એ ગજરાજ ફુલાય છે. ગરીબનું અસ્તિત્ત્વ વ્યવસ્થા પૂરી પાડે છે.

**ભલભલા માનસશાસ્ત્રીઓ પણ મનુષ્યના ધનપ્રેમને સમજવામાં થાપ ખાઈ જાય છે.** માણસ જીવનની પાયાની જરૂરિયાતો પૂરી કરવા માટે પૈસો કમાય, અને નોકરી ધંધો કરે, એ સમજમાં આવે છે, પણ એ લાખો કરોડો રૂપિયા કમાઈ લે, દસ પેઢી ખાઈ શકે એટલું ધન મેળવી લે, એ પછી પણ એ શા માટે વધુને વધુ પૈસા કમાવા માટે રઘવાયો થતો હશે? અને, લાખો કરોડો મેળવી લેનાર માણસ પણ પૈસો સન્માર્ગે ખર્ચવામાં આટલો કૃપણ કેમ બનતો હશે? **પોતાનું રોજનું ખિસ્સા ખર્ચ પાંચસો-હજાર હોય, છતાં પોતાની નીચે કામ કરનાર માણસને મહિને એક હજારનો પગાર આપવામાં પણ અખાડા કરતા માણસો તમને મળી આવશે.**

**રોજના પચીસ પચાસ રૂપિયા કમાનાર મહેનતકશ અને પ્રમાણિક માણસના ખિસ્સામાંથી રૂપિયો નીકળે છે, અને નફાખોર, શોષણખરો, કરચોર ધનિકના બાથરૂમની છતમાં કે સોફાસેટની વચ્ચે સમાઈ જાય છે.** આવકવેરાના માણસો આવીને બાથરૂમની છત કે સોફાસેટ તોડીને પૈસા કાઢીને લઈ જાય ત્યારે કોનો રૂપિયા ક્યાં પહોંચી ગયો? માણસ પૈસા કમાતા કમાતા એ જ્યારે પૈસાવાદી બની જાય, ત્યારે એના વ્યક્તિત્વના નકશામાં એક કાળો ડાઘ લાગી જાય છે.

**માણસ અનેક મિત્રો રાખે, અનેક પુસ્તકો વાંચે, અનેક પ્રેમિકાએ રાખે, એ બધી વૃત્તિ સમજી શકાય છે. પણ ધનના સંચયમાં તો આવો વૈવિધ્યનો પણ અભાવ હોય છે. એકધારી રીતે, એક જ પ્રકારના રૂપિયાની નોટો સંગ્રહવામાં માણસને કંટાળો કેમ નહીં આવતો હોય?**

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ આપણી પ્રાચીન પરંપરામાંથી નિપજેલી વિચારસરણી છે. પણ, **આજનો માણસ ધર્મ, કામ અને મોક્ષ, એ ત્રણેયને અર્થની મદદથી એક સાથે ખરીદી શકે છે.** તમે પૈસાવાળા હો, સુંદર બંગલો ધરાવતા હો, એ એમાં એક મજાનો **વાતાનુકૂલીત ખંડ હોય તો મોટા ધર્મગુરુઓ પણ તમારે ત્યાં જ ઉતરશે. રૂપસુંદરીઓ તમારી પાછળ ફરશે, અને મોક્ષનો પરવાનો અપાવનારા તાંત્રિકો, માંત્રિકો પણ તમારી સેવામાં હાજર થઈ જશે.**

પ્રચંડ નફાખોરી અને કરચોરીના પૈસા વડે ધાર્મિક ઓચ્છવોનું આયોજન કરી શકાય છે. **ધર્મ અને કામની વચ્ચે અર્થ છે, મતલબ કે કેન્દ્રમાં અર્થ છે. એ અર્થ કેન્દ્રમાં આવી જાય. પછી જાતજાતના ઉપગ્રહો એ કેન્દ્રબિંદુની**

**આસપાસ ફરવા માંડે છે.**

પૈસો ક્યાંથી આવે છે, એ ક્યાં જાય છે. એનું સતત સંશોધન કરતા રહેનાર અર્થશાસ્ત્રી પાસે અર્થ હોતો નથી, પણ શાળા કે કોલેજના પગથિયાં પણ ન ચડનાર અંગુઠા છાપ પાસે અર્થ આવડતો હોય છે.

**આપણી પ્રજાનો આટલી હદ સુધીનો ધનસંચયનો મોહ જાણી લીધા પછી આપણે હવે આપણી જાતને આધ્યાત્મિક કહેતા સંકોચ અનુભવવો જોઈએ.** દુનિયાના અતિ ધનિક દેશોમાં પણ માણસ આવી બેરહમીથી પૈસો કમાતો નથી, અને આટલી નિર્દયતાથી શોષણ કરતો નથી. આપણો ડોક્ટર, આપણો વકીલ, આપણો ધર્મગુરુ, આપણો અધ્યાપક બધા જ **પૈસા કમાવાની ઘાતકી સ્પર્ધામાં માણસાઈ ભુલી ગયા છે.** પહેલા બીલ ચૂકવો, પછી દવાખાનામાં દાખલ થાવ એમ કહેનારા તબીબો સમાજમાં છે, અને એડવાન્સ ફી આપો, પછી કેસ લડીશ એમ કહેનારા વકીલો પણ છે.